# શહેરના લિગ્નાઈટના વેપારી પાસેથી ગુપ્તીની અણીએ ૧૦ લાખની ખંડણી લીધી

## વેપારીએ ૧૦ લાખનો હવાલો પાડ્યો, પોલીસે બે આરોપીની ધરપકડ કરી, મુખ્ય સુત્રધાર ફરાર

ગાંધીનગર, તા.૨૪

રાજયનું કેપીટલ ક્રાઈમ સીટી તરફ ધકેલાઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. વાહનચોરી, ઘરફોડ ચોરી, હત્યા, લુંટ જેવા ગુનાઓ શહેરમાં સામાન્ય બની ગયા છે. ત્યારે શહેરના લિગ્નાઈટના વેપારીને વેપારના કામઅર્થે બોલાવી ગુપ્તીની અણીએ કારમાં અપહરણ કરી લીધુ હતું. જયારે આંગડીયા પેઢીમાંથી રૂ.૧૦ લાખની ખંડણી લઈ લીધા બાદ પોલીસને જાણ કરી તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારે પેથાપુર પોલીસ મથકે ત્રણ ખંડણીખોર સામે ફરીયાદ નોંધાતા પોલીસે ગણતરીના કલાકોમાં બે શખ્સોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું સરગાસણ ખાતે પ્રમુખ ટેન્જેન્ટમાં કૈલાસ કોર્પોરેશન નામથી લિગ્નાઈટ અને ટ્રાન્સપોર્ટનો વેપાર કરે છે અને સેકટર-૨૧ ખાતે અરવિંદભાઈ ગીરધરલાલ ઠક્કર પોતાના પરિવાર સાથે રહે છે. અરવિંદભાઈ કચ્છમાં આવેલી લીગ્નાઈટની ખાણોમાંથી મંગાવી શહેરના વેપારીઓને સપ્લાય કરે છે. છેલ્લા કેટલાક સમયથી તેમની ઓફિસમાં વાવોલ સાર્થક સફલ-૧ ખાતે રહેતો યોગેશ બાબુભાઈ પ્રજાપતિ ફરજ બજાવે છે. પરંતુ ચાર માસથી તેના મકાનનું રીનોવેશનનું કામ ચાલી રહેલા હોવાથી તે રજા પર ગયો હતો. આશરે ત્રણ વર્ષ પહેલા યોગેશ સાથે તેના સમાજનો વિષ્ણુ બાબુભાઈ પ્રજાપતિ ઓફિસ આવન-જાવન કરતો હતો. જેથી અરવિંદભાઈ સાથે તેનો પરિચય થયો હતો.ગત તા.૭ ઓકટોબરના રોજ યોગેશે ફોન કરી તેના સંબંધીએ પુન્દ્રાસણ ખાતે પ્લાસ્ટીકની ફેકટરી કરી છે. જેને લિગ્નાઈટની જરુર હોવાથી ટેલીફોન પર વાત અરવિંદભાઈ સાથે કરીને બેઠક કરવા કહ્યું હતું. ત્યારબાદ ગત તા.૧૦ ઓકટોબરના રોજ અરવિંદભાઈ ક્રેટા ગાડી લઈને વાવોલ તુલસી બંગ્લોઝ ખાતે ફેકટરીના ભાગીદાર સાથે બેઠક કરવા માટે ગયા હતા. તે સમયે વાવોલ ચાર રસ્તા પાસે મહેશ ત્રિકમચંદ જસવાણી ગાડી લઈને તેના પરિવાર સહિત વિષ્ણુભાઈ પ્રજાપતિ પણ હતા. ફેકટરીના ભાગીદાર તરીકે મહેશની ઓળખાણ વિષ્ણુએ આપી હતી. પરંતુ પરિવારના સભ્યો સાથે



હોવાથી તે સમયે વ્યવસાય અંગે બેઠક યોજી ન હતી. બે દિવસ બાદ અરવિંદભાઈને બેઠક માટે પુન્દ્રાસણ બોલાવ્યા હતા. જયાં ચાર રસ્તાથી વિષ્ણુ તેમની ગાડીમાં બેસીને દોઢ કિલોમીટર દુર જલુંદ ગામની સીમમાં ખેતરમાં લઈ ગયો હતો. ખેતરમાં અરવિંદભાઈએ જેવી કાર ઉભી રાખી કે તરથ જ વિષ્ણુપ્રજાપતિએ કારમાંથી ઉથરીને એકદમ અરવિંદભાઈને ફેંટ પકડીને ગુપ્તી પેટના ભાગે અડાડી હતી. ત્યારબાદ રૂ.૨૦ લાખ આપવા માટે ધમકી આપી હતી. જેથી અરવિંદભાઈએ આટલી મોટી રકમ ન હોવાનું જણાવતા વિષ્ણુભાઈએ અરવિંદભાઈને આંગડીયા પેઢી દ્વારા રૂપીયા આપવાનું કહ્યું હતું. જેથી અરવિંદભાઈએ સેકટર-૩ માં જનક ઠક્કરને ફોન કરીને રૂ.૧૦ લાખ મહેશ જસવાણીને આપી દેવા કહ્યું હતું. જયારે ગણતરીની મિનીટોમાં પેઢી પરથી મહેશ દસ લાખ લઈ ગયો હતો. ખંડણીની રકમ આવી જતા વિષ્ણુ અરવિંદભાઈની કારમાં ગુપ્તી સાથે ગોઠવાઈ ગયો હતો. એ સમયે વિષ્ણુભાઈનો ભાઈ સુરેશ પ્રજાપતિ ગ્રે કલરની મારૂતિવાન લઈને સામે આવીને રૂપીયા આવી ગયા હોવાની જાણ કરી હતી. વાવોલ ખાતે અરવિંદભાઈને બીજા દશ લાખની વ્યવસ્થા બે દિવસમાં કરવી અને જો આ અંગેની જાણ પોલીસને કરી છે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી કારમાંથી ઉતરી ભાગી ગયો હતો. જો કે સમગ્ર ખંડણી પ્રકરણ અંગે અરવિંદભાઈએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ખંડણી અને અપહરણ સહિતનો ગુનો નોંધી ગણતરીના સમયમાં સુરેશ પ્રજાપતિ અને મહેશ જસવાણીને ઝડપી પાડ્યા હતા. આ પ્રકરણનો મુખ્ય સુત્રધાર વિષ્ણુ પ્રજાપતિ ભાગી ગયો છે. પોલીસે બંન્ને આરોપીના ૫ દિવસના રિમાન્ડ મેળવી વિષ્ણુને પકડી પાડવા માટે ટીમો કાર્યરત થઈ ગઈ છે.



## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની વ્યવસ્થાપક સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મંડળીના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ વરણી અનુસાર મંડળીના ચેરમેનપદે દિલીપસિંહ ચૌહાણની નિયુકિત કરવામાં આવી છે. આ ઉપરાંત વાઈસ ચેરમેન પદે રબારી સમાજના અગ્રણી તેજાભાઈ દેસાઈ, મેનેજીંગ ડિરેકટર પદે બ્રહ્મસમાજના અગ્રણી રાજેશભાઈ પંચોલી અને જોઈન્ટ મેનેજીંગ ડિરેકટર પદે ભાનુબેન રોહિતની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.



## સેકટર-૩-સી ખાતે સુંદરકાંડ પાઠ યોજાયો

સેકટર-૩ સી ખાતે હનુમાનજી મહારાજને પ્રસન્ન કરતો સુંદરકાંડ પાઠ યોજાયો હતો. જે ભારતીબાપુની વ્યાસપીઠે યોજાયો હતો અને મોટી સંખ્યામાં હનુમંત ભકતોએ પાઠનો લાભ લીધો હતો. આ કાર્યક્રમનું યોજન ભરતભાઈ પટેલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# સુઘડ ગામે ખેડુતની કરોડો રૂપીયાની જમીનમાં દાવો કરનાર ચાર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરી વિસ્તારના આસપાસના ગામની જમીનના ભાવ ઉંચકાતા ભુમાફીયાઓ સક્રિય થયા છે. ત્યારે ગાંધીનગર સુઘડ ખાતે ખેડુતની કિંમતી જમીન પર દાવો કરનાર શખ્સ સહિત ચાર વ્યકતિ સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુઘડ ગામે પરિવાર સાથે વસવાટ કરતા ગાભાભાઈ જીવાભાઈ પરમાર અડાલજ ફરીયાદ નોંધાવી છે. સુઘડ ગામની સીમમાં તેમની જમની આવેલી છે. વર્ષ-૨૦૧૯ માં જમીન વેચવાની હોવાથી જમીન દલાલ અંગે ધિરેન હિરેનભાઈ રામોલીયા(નંદનવન જોધપુર અમદાવાદ)મળ્યા હતા.જેમણે વિઘાના ૧.૮૫ લાખ લેખે જમીન લેવાનું નક્કી કર્યુ હતું.જેને પગલે બાના પેટે રૂ.૮.૨૧ લાખ રોકડા અને ૫ લાખનો ચેક અર્પણ કર્યો છે. જેને પગલે ખેડુતે તેમની સાથે સમજુતી કરાર કર્યો હતો. જેમાં પ્રિમિયમ ધિરેને ભરવાનું હતું. જમીનના કાગળો અને વાઉચરોમાં ખેડુત અને તેમના દિકરાએ સહીઓ કરેલી હતી. જે ધિરેન પોતાની પાસે લઈ ગયો હતો અને બે દિવસ બાદ ઝેરોક્ષ કરાવીને નકલ પાછી આપવાની વાત તેણે કરી હતી. જો કે બે દિવસ પછી ધિરેનને ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. ખેડુતને શંકા જતા તેમણે સોદો કેન્સલ કરવાની વાત કરી હતી. ખેડુતના પુત્રએ ધિરેનના મોટેરા બોલાવીને સમજુતી કરાર આપવા દબાણ કર્યુ હતું. જો કે તેની પાસે હતો નહી, અવાર-નવાર માંગણી કરતા ધિરેનને ફોન ઉપાડ્યો ન હતો. ખાલી કોરા કાગળ પર કાચુ લખાણ હોવાથી ખેડુતે તેનુ કોઈ મહત્વ ન હોવાનુ

● અનુસંધાન પાના - ૭ પર

## જિલ્લામાં ૧૦૦થી વધુ ગામોમાં ગૌચર જરૂરિયાત કરતાં પણ ઓછુ છે

ગાંધીનગર જિલ્લામાં ૧૦૦થી વધુ ગામોમાં ગૌચર જે હોવુ જોઈએ તેના કરતાં પણ ઓછુ છે. ગૌચરની જમીનો પરના દબાણો હંમેશા વિવાદોમાં રહ્યા છે. જિલ્લામાં પશુધનની વસ્તુ વધી છે પણ ગૌચરની જમીનો ઘટી રહી છે જે તંત્ર માટે ચિંતાનો વિષય છે. ગૌચરની જમીનોની વૃદ્ધિ માટે તેમજ ગૌચરની જમીનો પર થયેલા દબાણો દૂર કરવાના વિકલ્પ પર તંત્રએ હવે નક્કર કાર્યવાહી કરવી પડશે. આગામી દિવસોમાં ચોક્કસ રણનીતિ પણ તૈયાર કરી અને આગળ વધવુ પડશે. હવે આ મુદ્દે વિલંબ યોગ્ય નથી.

## સેકટર-૨૧ ખાતે રાજકોટ નાગરિક સહકારી બેંકનું ઉદ્ઘાટન

રાજકોટ નાગરિક સહકારી બેંકની ગાંધીનગર શાખા તેના નવનિર્મિત સ્વાભવનમાં આજે મંગલ પ્રવેશ કરવા જઈ રહી છે. આ નવનિર્મિત ભવનનું ઉદઘાટન અક્ષરધામ મંદિર ગાંધીનગરના પૂજય સંતોના આશીર્વચન દ્વારા સંપન્ન થશે. વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સે-૨૧ ખાતે સવારે ૯.૦૦ વાગ્યે કાર્યક્રમ યોજાનાર છે. જેમાં વિશેષ મહેમાન તરીકે ડૉ. ભરતભાઈ પટેલ (રાષ્ટ્રીય સવયંસેવક સંઘ), કમલકિશોર જૈન (ડાયરેકટર, ફાયનાન્સ એન્ડ સીએફઓ કલ્પતરૂ ટ્રાન્સમિશન, ) ઉપસ્થિત રહેશે.

# ઈ-વેસ્ટ કલેકશન અભિયાનનો પ્રારંભ જેમાં ગાંધીનગરની અગ્રણી સંસ્થાઓ પણ જોડાઈ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ વિજ્ઞાન લક્ષી પ્રવૃત્તિઅત્તનું આયોજન કરવામાં આવે છે. નાગરિકોમાં વિજ્ઞાનના વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવવી અંગે જાગૃતતા કેળવાય તે હેતુ થી વિવિધ પર્યાવરણ લક્ષી કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. માનવી જેમ જેમ વિકાસની કેડીએ આગળ વધતો જાયછે તેમ તેમ પરીયાવર્ણલક્ષી સમસ્યાઓનો દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે જેના કારણે ગ્લોબલ વોર્મિંગ અને કલાયમેટ ચેન્જની સમસ્યાઓ આપણે અનુભવી રહીએ છીએ.

નિસર્ગ સાયન્સ સેન્ટર તથા ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ કંપની દ્વારા હાલ ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન ચાલી રહ્યું છે. તા.૨૪ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, લગ્નવાડી પાસે, ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ કલેક્શન થઈ રહ્યું છે. આજે ઈ-વેસ્ટ કલેકશન અભિયાનના પ્રથમ દિવસે ઘણા બધા નાગરીકોએ ૨૦૦ કી.લો જેટલો ઈ-વેસ્ટ જમા કરાવેલ છે.

આ અભિયાનમાં ગાંધીનગરની જાણીતી સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના, આત્મન ફાઉન્ડેશન ગાંધીનગર, જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર, નેચર ફર્સ્ટ,ગાંધીનગર, રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર, ત્ર.જી.૯-સંગીની ફોરમ,ગાંધીનગર, ઉમિયા માતાજી સંસ્થાન જેવી અગ્રણી સંસ્થાઓ પણ જોડાઈ છે.

આપણા ઘરમાં બિન ઉપયોગી સાધનો જેવા કે જુના ટીવી, જુના ટેપરેકોર્ડર, ફેક્સ મશીન, બગડેલા મોબાઈલ, કોમ્પ્યુટર, પ્રિન્ટર, એસી, સ્પીકર જેવી ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો યોગ્ય નિકાલ કરવો ખુબજ જરૂરી છે. આવો કચરો પર્યાવરણને નુકશાન કરતો હોય છે. સરકાર માન્ય ઈ-વેસ્ટ કલેક્શન કરતી એજન્સી આ કચરાને લે છે અને તેનું યોગ્ય વળતર પણ સ્થળ પર જ આપે છે. ગાંધીનગરના જાગૃત નાગરિકોને તારીખ તા.૨૪ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ પોતાનો ઈ-વેસ્ટ જમા કરાવવા અપીલ કરવામાં આવે છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરમાં નાગર સ્પોર્ટસ કલબ દ્વારા યોજાયેલી ઓપન ગુજરાત સિઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટે ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. આ ટૂર્નામેન્ટને માણવા વાગ્મિન બુચ, નિલેન્દુ વોરા, પ્રણવ જોશીપુરા, તરંગ હાથી, નિખિલ દેસાઈ, અતુલ બક્ષી, દર્પણ બુચ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.
- આજે રવિવારે ભારત-પાક વચ્ચેના મહા મુકાબલાને લઈ સાંજથી જ શહેરમાં ક્રિકેટરસિકો ટી.વી. સામે બેસી ગયા હતા.
- નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા ઈ.વેસ્ટ કલેકશન દિવાળી અભિયાન આરંભાયુ છે. ૩૧મી ઓક્ટો. સુધી આ અભિયાન ચાલશે. ગાંધીનગરમાં આવુ અભિયાન બીજીવાર હાથ ધરાયુ છે. આ અભિયાન ૮ જેટલી સામાજિક સંસ્થાઓ જોડાઈ છે. પ્રથમ દિવસે ૧૫૦ કિલો જેટલો ઈ.વેસ્ટ કલેકશન થયુ છે.
- પેપર લીક થયાની ઘટનાના અહેવાલોની શાહી સુકાઈ નથી ત્યા ધો. ૧૨ની કસોટીના પ્રશ્નપત્રોની કોપી વિદ્યાર્થી વાંચી જ ન શકે તેવી અપાતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષ ઉભો થયો છે.
- ગાંધીનગર આર.ટી.ઓ. દ્વારા વાહનના નંબરો માટે યોજાયેલી ઈ.ઓકશનમાં એક નંબર મેળવવા ૨૫.૪૫ લાખની બોલી બોલાઈ હતી.
- માણસાના ફતેપુરામાં એન.આર.આઈ.એ દિકરીના જન્મદિનની ઉજવણી ૪૦૦ મણ બાજરી ગરીબોને વહેંચીને કરી છે.




# ગાંધીનગર મહાનગર ભાજપાના ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગ સંપન્ન

## ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રશિક્ષણ વર્ગના અંતિમ દિવસે ઉપસ્થિત સૌએ સામુહિક રીતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ''મન કી બાત'' કાર્યક્રમ નિહાળ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની



અખબારી યાદી જણાવે છે કે ૨૪ ઓક્ટોબર રવિવારે મહાનગર ભાજપા પ્રશિક્ષણ વર્ગના અંતિમ દિવસે ઉપસ્થિત સૌએ સામુહિક રીતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ''મન કી બાત'' કાર્યક્રમ નિહાળ્યો હતો. સવારના પ્રારંભિક સત્રમાં શ્રીમતી જયશ્રીબેન પટેલે ''૨૦૧૪ પછી ભારતની રાજનીતિમાં આવેલ બદલાવ'', કીર્તિસિંહ વાઘેલાએ ''રાજ્ય સરકારની ઉપલબ્ધીઓ'', અને અંતિમ સત્રમાં સી.ડી. પટેલે ''આજના ભારતની વૈચારિક મુખ્યધારા-આપણી વિચારધારા'' વિષય પર વર્ગ લઈને સૌને માર્ગદર્શિત કર્યા હતા.

પ્રશિક્ષણ વર્ગના સમાપન સત્રમાં મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટે જણાવ્યું હતું કે પ્રશિક્ષણ વર્ગ કાર્યકર્તાઓના ઘડતર માટે ખૂબ મહત્વના છે ત્યારે છેલ્લાં ત્રણ દિવસમાં વિવિધ વિષયો અંગે કાર્યકર્તાઓને વકતાઓ દ્વારા સુંદર માર્ગદર્શન મળ્યું છે. ભટ્ટે નવનિયુક્ત મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ તેમજ કોર્પોરેટરોને અભિનંદન પાઠવ્યા હતા તેમજ પૂર્વ મેયર શ્રીમતી રીટા પટેલને તેમના મેયરકાળ દરમિયાન કરેલી કામગીરી બદલ બિરદાવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મહાનગરમાં ભાજપાના ભવ્ય વિજયનો શ્રેય કાર્યકર્તાઓના શિરે જાય છે.

નવનિયુક્ત મેયર હિતેશ મકવાણાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ''જેસે ભારત મેરી માં હૈ, વેસે હી ભાજપા ભી મેરી માં હૈ'' વાક્યને યાદ કરી પ્રત્યેક કાર્યકર્તાને પક્ષની વિચારધારાને વધુને વધુ નાગરિકો સુધી પહોંચાડી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપવા હાકલ કરી હતી. આ પ્રસંગે વર્ગના વાલી પૂર્વમંત્રી માધુભાઈ ઠાકોરે પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.